## ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર

## એક્ઝિક્યુટિવ કાઉન્સીલની પંદરમી (ખાસ) બેઠકનો અહેવાલ

આઇ.આઇ.ટી.ઇ ખાતે આજરોજ તા. 06/08/2021ના રોજ સવારે 10:30 કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કાઉન્સીલની પંદરમી(ખાસ) બેઠક મળેલ હતી.

| સભ્યનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ડો. હર્ષદ પટેલ, કુલપતિશ્રી, આઇ.આઇ.ટી.ઇ., | અધ્યક્ષ | હાજર |
| ડો. કલ્પેશ પાઠક, ડાયરેક્ટર સેન્ટર ઓફ એજ્યુકેશન, આઇ.આઇ.ટી.ઇ. | સભ્ય | હાજર |
| અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્ય | ગેરહાજર |
| અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્ય | ગેરહાજર |
| કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના પ્રતિનિધિ શ્રી નારાયણ માધુ, જોઇન્ટ કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ | સભ્ય | હાજર |
| ડો. એચ. બી. પટેલ, પ્રોફેસર એન્ડ ડીન, સ્કૂલ ઓફ એજ્યુકેશન, સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાત | સભ્ય | હાજર |
| શ્રી વિઠ્ઠલ પટેલ, ચીફ એકાઉન્ટ ઓફિસર, આઈ.આઈ.ટી.ઇ. | સભ્ય | હાજર |
| ડો. હિમાંશુ પટેલ, રજીસ્ટ્રાર, આઇ.આઇ.ટી.ઈ. | સભ્ય સચિવ | હાજર |
| શ્રી બી.એસ. પરમાર, અંડર સેક્રેટરી, શિક્ષણ વિભાગ | આ. સભ્યશ્રી | હાજર |

મિટિંગની શરૂઆતમાં મેમ્બર સેક્રેટરી તથા રજીસ્ટ્રાર દ્વારા એક્ઝિક્યુટિવ કાઉન્સીલની યુનિવર્સિટીની આ બેઠકમાં સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને અને મિટિંગનું કામકાજ શરૂ કરવામાં આવેલ હતું. મીટીંગમાં નીચે મુજબની ચર્ચા/નિર્ણયો અંગે ભલામણ થયેલ હતી.

એજન્ડા-1. વૈદ્ય શ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા તા. 09/06/2021ના રોજ ઇમેઈલથી 'ઉર્દૂ' વિષયને શૈક્ષણિક વર્ષ 2021-22ની પ્રવેશ પ્રક્રિયામાંથી રદ્દ કરાવવા વિનંતી કરવામાં આવેલ, જે મળેલ મંજૂરી અન્વયે પ્રવેશ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવેલ. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયા અંગેની પ્રારંભિક કાર્યવાહી પૂર્ણ થયા બાદ તા. 15/06/2021ના રોજ બીજા એક ઇ-મેઈલ દ્વારા 'ઉર્દૂ' વિષય પુનઃ દાખલ કરવા વિનંતી કરેલ છે. જે બાબતે ડીનશ્રીના અભિપ્રાય બાબતે ચર્ચા-વિચારણા અર્થે.

ઠરાવ-1 વૈદ્ય શ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા 'ઉર્દૂ' વિષય પુનઃ દાખલ કરવા વિનંતી કરેલ છે, જે બાબત તા. 06/08/2021ની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં ઠરાવ-3 અન્વયે થયેલ નિર્ણય અને ભલામણ અનુસાર સરકારશ્રીમાંથી સહાયક અધ્યાપક માટે ઉર્દૂની જગ્યા ભરવા એન.ઓ.સી. મળેલ છે, તેવા સંજોગોમાં સહાયક અધ્યાપક માટે ઉર્દૂની કાયમી જગ્યા ના ભરાય ત્યાં સુધી અધ્યાપકની વૈકલ્પિક વ્યવસ્થા કરવાની શરતે ઉર્દૂ વિષય પુનઃ દાખલ કરવાની વિનંતી મંજૂર રાખવી તથા બી.એડ. કોર્સમાં સદર વિષયના સિલેબસ ગઠનની પ્રક્રિયા શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ, જેની નોંધ લેવામાં આવી અને તેને અનુમોદન આપવામાં આવ્યું.



Scanned with CamScanner

| | |
|---|---|
| એજન્ડા-2. | એચ.એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રિસર્ચના તા. ૧૭/૦૭/૨૦૨૧ના પત્ર અનુસાર તેઓ ગુજરાત પ્રાઈવેટ યુનીવર્સીટી એક્ટ, ૨૦૦૯ ના સેકશન3(5) અનુસાર સી.વી.એમ. યુનીવર્સીટી સાથે જોડાવાના હોઈ અત્રેની યુનીવર્સીટી થી વિલગ્ન થવા માટે જણાવે છે. વધુમાં, તા. ૦૩/૦૮/૨૦૨૧ના રોજ મળેલ ઈ-મેઈલ દ્વારા સદર કોલેજ દ્વારા જણાવવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૧-૨૨ માં ઉક્ત કોલેજ ખાતે પ્રવેશ મેળવવા ઈચ્છતા હોઈ તેઓના આઈ.આઈ.ટી.ઈ. દ્વારા માન્ય અરજીપત્રકો સદર યુનીવર્સીટી દ્વારા પણ માન્ય રાખવામાં આવશે. તેમજ, તેઓની ફી પણ આઈ.આઈ.ટી.ઈ. દ્વારા ગત વર્ષે નિયત થયેલી જ રહેશે. જે કાઉન્સિલની જાણ તથા ચર્ચા અર્થે |
| ઠરાવ-2 | એચ.એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રિસર્ચના તા. ૧૭/૦૭/૨૦૨૧ના પત્ર અનુસાર તેઓ ગુજરાત પ્રાઈવેટ યુનીવર્સીટી એક્ટ, ૨૦૦૯ ના સેકશન3(5) અનુસાર સી.વી.એમ. યુનીવર્સીટી સાથે જોડાવાના હોઈ અત્રેની યુનીવર્સીટી થી વિલગ્ન થવા માટે જણાવે છે. વધુમાં, તા. ૦૩/૦૮/૨૦૨૧ના રોજ મળેલ ઈ-મેઈલ દ્વારા સદર કોલેજ દ્વારા જણાવવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૧-૨૨ માં ઉક્ત કોલેજ ખાતે પ્રવેશ મેળવવા ઈચ્છતા હોઈ તેઓના આઈ.આઈ.ટી.ઈ. દ્વારા માન્ય અરજીપત્રકો સદર યુનીવર્સીટી દ્વારા પણ માન્ય રાખવામાં આવશે. તેમજ, તેઓની ફી પણ આઈ.આઈ.ટી.ઈ. દ્વારા ગત વર્ષે નિયત થયેલી જ રહેશે, જે બાબત તા. 06/08/2021ની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં ઠરાવ-4 અન્વયે થયેલ નિર્ણય અને ભલામણ અનુસાર કાઉન્સિલ દ્વારા જાણ પર લેવામાં આવ્યું. |
| એજન્ડા-3. | આઈ.આઈ.ટી.ઈ.ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે યુનિવર્સીટી અને તેને સંલગ્ન કોલેજોમાં ચાલતા વિવિધ કોર્સ માટેની એડમીશન કાર્યવાહી અન્વયે નીચેની વિગતે શાખાને મળેલ માહિતી, અહેવાલ અને આનુસંગિક દસ્તાવેજોની ચર્ચા-વિચારણા અને બહાલી અર્થે રજૂ |

- યુનિવર્સીટીના સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતે ચાલતા બી.એ.બી.એડ./ બી.એસ.સી.બી.એડ. કોર્સના એડમીશન માટે ઓનલાઈન મીટીંગ પ્લેટફોર્મ ગુગલ-મીટના માધ્યમથી થયેલ એડમીશન નો અહેવાલ અને આનુસંગિક દસ્તાવેજો
- યુનિવર્સીટીના સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતે ચાલતા એમ.એ.એમ.એડ. / એમ.એસ.સી.એમ.એડ.અને એમ.એડ. કોર્સ તથા યુનિવર્સીટી સાથે સંલગ્ન રામબા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર ખાતે ચાલતા એમ.એડ. કોર્સના એડમીશન માટે ઓનલાઈન મીટીંગ પ્લેટફોર્મ ગુગલ-મીટના માધ્યમથી થયેલ એડમીશન નો અહેવાલ અને આનુસંગિક દસ્તાવેજો
- યુનિવર્સીટીના સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતે ચાલતા બી.એડ.એમ.એડ. કોર્સના એડમીશન માટે ઓનલાઈન મીટીંગ પ્લેટફોર્મ ગુગલ-મીટના માધ્યમથી થયેલ એડમીશન નો અહેવાલ અને આનુસંગિક દસ્તાવેજો
- યુનિવર્સીટીના સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતે ચાલતા પી.એચ.ડી.(એજ્યુકેશન) કોર્સના એડમીશન માટે i3T પ્રવેશ પરીક્ષા અને GD/PI બાદ થયેલ એડમીશનનો અહેવાલ અને દસ્તાવેજો
- યુનિવર્સીટી સાથે સંલગ્ન કોલેજોમાં ચાલતા બી.એડ. કોર્સના ગુજરાતના ૨૭ એડમીશન કાઉન્સેલિંગ કેન્દ્રોના માધ્યમથી થયેલ એડમીશનનો અહેવાલ અને આનુસંગીક દસ્તાવેજો



Scanned with CamScanner

- યુનિવર્સીટી સાથે સંલગ્ન કોલેજોમાં ચાલતા બી.એડ. કોર્સના ગુજરાતના ૨૭ એડમીશન કાઉન્સેલિંગ કેન્દ્રોના માધ્યમથી થયેલ એડમીશન અન્વયેની એડમીશન એડવાઇઝરી કમિટીની મીટીંગની મીનીટસ, અહેવાલ અને આનુસંગીક દસ્તાવેજો
- યુનિવર્સીટી સાથે સંલગ્ન કોલેજોમાં ચાલતા બી.એડ. કોર્સના ગુજરાતના ૨૭ એડમીશન કાઉન્સેલિંગ કેન્દ્રોના માધ્યમથી થયેલ એડમીશન અન્વયેની ગુગલ-શીટ અને આનુસંગીક દસ્તાવેજો

ઠરાવ-3 આઈ.આઈ.ટી.ઈ. ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે યુનિવર્સીટી અને તેને સંલગ્ન કોલેજોમાં ચાલતા વિવિધ કોર્સ માટેની એડમીશન કાર્યવાહી અન્વયે સૌ પ્રથમ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે i3T પરીક્ષા તથા પ્રવેશની કામગીરી સૂચિત તા. 2/8/2021 સુધીમાં સમયસર પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવવામા આવેલ હતા અને રજૂ કરવામાં આવેલ અહેવાલ અને માહિતીની નોંધ લેવામાં આવી. વધુમાં આ બાબતે તા. 06/08/2021ની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં ઠરાવ-5 અન્વયે થયેલ નિર્ણય અને ભલામણ અનુસાર બી.એડ. કોર્સની ખાલી રહેતી બેઠકો માટે તથા સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતે ચાલતા બી.એડ.એમ.એડ., એમ.એડ., એમ.એસસી./એમ.એ.-એમ.એડ.ની ખાલી રહેલ બેઠકો માટે તથા સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતેના બી.એ.બી.એડ. માટે હાલમાં ધો. 12 આર્ટ્સ નું પરિણામ આવેલ હોઈ, ખાલી રહેતી બેઠકો માટે જે-તે સમયે ખાલી રહેલ બેઠકોની પરિસ્થિતિના આધારે યોગ્ય કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. ઉપરાંત, બી.એસ.સી.બી.એડ. કોર્સની બેઠકો 'નીટ' પરિણામ બાદ ખાલી થાય તે બેઠકો માટે આગળનું મેરીટ ઓપરેટ કરી મેરીટના ધોરણે બેઠકો ભરવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-4. આઈ.આઈ.ટી.ઈ.ના મુખ્ય સંકુલ ખાતે કરવાના થતા બાંધકામ હેતુ એમ્પેનલ થયેલ જે ત્રણ એજન્સીઓ પાસે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ, જેનું નિયત થયેલ કમિટી સમક્ષ દરેક એજન્સી દ્વારા પ્રેજન્ટેશન બાદ પસંદ થયેલ એજન્સીઓ સાથે કમિટી દ્વારા વાટાઘાટો બાદ ૨.૪૫% મુજબ કામગીરી કરવા સંમતી દર્શાવનાર એજન્સી સાથે કરાર કરવાની પ્રક્રિયા હાથ ધરવા કમિટી દ્વારા ભલામણ કરવામાં કરવામાં આવેલ છે. આર્કિટેક એજન્સી દ્વારા તૈયાર કરેલ માસ્ટર પ્લાનનો અંદાજીત ખર્ચ રૂ. ૧૧૦.૦૦ કરોડ દર્શાવેલ છે. સદર બાબત ફાયનાન્સ કમિટીની તા. 05/08/021ના રોજ યોજાયેલ બેઠકમાં ઠરાવ-6થી થયેલ ભલામણ અન્વયે એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં મંજુર થવા હેતુ સાદર રજુ.

ઠરાવ-4 આઈ.આઈ.ટી.ઈ.ના મુખ્ય સંકુલ ખાતે કરવાના થતા બાંધકામ હેતુ એમ્પેનલ થયેલ જે ત્રણ એજન્સીઓ પાસે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ, જેનું નિયત થયેલ કમિટી સમક્ષ દરેક એજન્સી દ્વારા પ્રેજન્ટેશન બાદ પસંદ થયેલ એજન્સીઓ સાથે કમિટી દ્વારા વાટાઘાટો બાદ ૨.૪૫% મુજબ કામગીરી કરવા સંમતી દર્શાવનાર એજન્સી સાથે કરાર કરવાની પ્રક્રિયા હાથ ધરવા કમિટી દ્વારા ભલામણ કરવામાં કરવામાં આવેલ છે. આર્કિટેક એજન્સી દ્વારા તૈયાર કરેલ માસ્ટર પ્લાનનો અંદાજીત ખર્ચ રૂ. ૧૧૦.૦૦ કરોડ દર્શાવેલ છે. સદર બાબતે ફાયનાન્સ કમિટીની ભલામણને ગ્રાહ્ય રાખી માસ્ટર પ્લાન મંજૂર રાખવાનું તથા તે મુજબ રાજ્ય સરકારમાં દરખાસ્ત કરવાનું ઠરાવવામાં આવ્યું.



Scanned with CamScanner

પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલ બાબત

એજન્ડા-5. દેશભરની સૈનિક સ્કૂલના શિક્ષકોની તાલીમ યોજવાના મળેલ સૂચન અન્વયે તાલીમના મોડેલ, સ્થળ અને સમય અવધિ અંગે ચર્ચા વિચારણા અંગે.

ઠરાવ-5 દેશભરની સૈનિક સ્કૂલના શિક્ષકોની તાલીમ યોજવાના મળેલ સૂચન અન્વયે દેશભરની 33 સૈનિક સ્કૂલ ખાતે કાર્યરત 1500 જેટલા ટીચર્સને વિવિધ બેચ બનાવીને સ્ટેચ્યું ઓફ યુનિટી ખાતે યોજાનાર તાલીમના વિવિધ મોડ્યુલ, પ્રપોઝલ અંગે કાઉન્સિલને અવગત કરવામાં આવેલ. તથા આઈ.આઈ.ટી.ઈ. નેશનલ તાલીમનો ભાગ બનનાર છે તે માટે કાઉન્સીલ દ્વારા અભિનંદન પાઠવવામા આવેલ. વધુમાં, ગત અઠવાડીયા દરમ્યાન અગ્રસચિવ, શિક્ષણ વિભાગે આઈ.આઈ.ટી.ઇ.ની મુલાકાત લીધી હતી, ત્યારે મિટિંગમાં ચર્ચા દરમ્યાન તેમના સુચન અન્વયે આ બાબતે આગોતરા અને સચોટ આયોજન માટે સૈનિક સ્કૂલની મુલાકાત લેવી તથા આગળની આનુસંગિક કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. જે બાબત તા. 06/08/2021ની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં ઠરાવ-8 અન્વયે થયેલ નિર્ણય અને ભલામણ અનુસાર કાઉન્સિલ દ્વારા જાણ પર લેવામાં આવ્યું.

તા. 16-08-2021

કુલસચિવ



Scanned with CamScanner